**VMCની લાલીયાવાડી** સોમવારે ડોર-ટુ-ડોરની ગાડીઓનું ફ્લેગ માર્ચ થયું; પણ લાખો રૂપિયાના કચરાના ડબ્બા કમાટીબાગમાં ખાઈ રહ્યા છે ધૂળ

# કચરો ભરવાના કચરાના ડબ્બા જ કચરો બનીને પડ્યા!

**વિકાસના** દાવા અને વેડફાટ વચ્ચે મોટો વિરોધાભાસ

**સમગ્ર** પ્રકરણમાં 'કટકી' થઈ હોવાની આશંકા પણ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

### લાખો રૂપિયાના ખર્ચે વસાવેલા ડબ્બા 'કાટ' ખાઈ ગયા, 'ગોબા' પડી ગયા!

સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના જુદા જુદા વિસ્તારોમાં ભીનો અને સૂકો કચરો અલગ-અલગ નાખવા માટે બનાવવામાં આવેલા આ કચરાના ડબ્બાઓની કિંમત લાખો રૂપિયામાં છે, જે જનતાના ટેક્સના રૂપિયામાંથી ચૂકવવામાં આવી હતી. કમાટી બાગમાં પડેલા આ ડબ્બાઓની હાલત જોતા સ્પષ્ટ થાય છે કે, તે લાંબા સમયથી પડ્યા છે. કેટલાક ડબ્બા તદ્દન નવા હોવા છતાં કાટ ખાઈ ગયા છે. અન્ય ડબ્બાઓમાં ઘોબા પડી ગયા છે. કચરાના સ્ટેન્ડ્સનો પણ ઢગલો કરીને ફેંકી દેવાયા હોય તેવી સ્થિતિ છે. આ ચિત્ર સ્પષ્ટપણે દર્શાવે છે કે, વડોદરા મહાનગરપાલિકા કઈ રીતે લાખો રૂપિયાનો વેડફાટ કરી રહી છે.





(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે લાખો રૂપિયાના ખર્ચે કચરાના ડબ્બા અને સ્ટેન્ડ્સ બનાવવામાં આવ્યા હતા, જે આજે કમાટી બાગમાં ખુદ 'કચરો' બનીને ધૂળ ખાઈ રહ્યા છે. ગત સોમવારે જ પાલિકાના સત્તાધીશોએ પશ્ચિમ વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીઓનું ફ્લેગ માર્ચ કરી સ્વચ્છતાની મોટી વાતો કરી હતી, પરંતુ તેની સાથે જ લાખો રૂપિયાના કચરાના ડબ્બાની દુર્દશાએ VMCના સ્વચ્છતા અભિયાનની પોકળતા છતી કરી દીધી છે. સોમવારે વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશોએ ઉત્સાહભેર ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીઓનું ફ્લેગ માર્ચ કર્યું હતું, પરંતુ જે કમિશનર કે અન્ય મહાનુભાવોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, તેઓને નજીકમાં જ કમાટી બાગમાં પડેલા કચરાના ડબ્બાઓનો 'કચરાનો ઢગલો' કેમ ન દેખાયો તે મોટો સવાલ છે. શહેરના રોડ-રસ્તા પર મૂકવા માટે બનાવવામાં આવેલા આ ડબ્બા આજે ઉપયોગમાં લેવાને બદલે એક ખૂણામાં બિનઉપયોગી હાલતમાં પડ્યા છે. આટલી મોટી સંખ્યામાં કચરાના ડબ્બાઓનો ઉપયોગ ન થવો અને તેને માત્ર દેખાડો કરવા માટે બનાવીને ફેંકી દેવામાં આવવું, તે ગંભીર નાણાકીય અનિયમિતતા તરફ ઈશારો કરે છે. આ સમગ્ર પ્રકરણમાં 'કટકી' થઈ હોવાની આશંકા પણ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. પાલિકાના કમિશનર અરુણ મહેશ બાબુ આમ તો સિદ્ધાંતોની અને સ્વચ્છતાની મોટી વાતો કરતા હોય છે, પરંતુ તેમને પણ આ લાખો રૂપિયાના ડબ્બાઓની દયનીય હાલત જોવાનો સમય નથી મળ્યો, અથવા તો તેઓએ આ મુદ્દે આંખ આડા કાન કર્યા છે, તેવું સ્પષ્ટ દેખાય છે. પાલિકાના સત્તાધીશોની માનસિકતા પણ આ ઘટનાથી છતી થાય છે. તેઓ નવીન કાર્યોના શુભારંભ વખતે, ફોટા પડાવવા માટે ભૂલ્યા વિના હાજર થઈ જાય છે, પરંતુ તે કામ પૂર્ણ થયું છે કે નહીં, લોકોના ઉપયોગમાં આવ્યું છે કે નહીં, તે જાણવાની કે તેની જાળવણી કરવાની કોઈને પડી નથી. જનતાના ટેક્સના રૂપિયા માત્ર પોતાના 'ખીચા' ભરવાના ઈરાદાથી વેડફવામાં આવ્યા હોય અને 'દેખાડો' પતી ગયો એટલે ડબ્બાને ખૂણામાં ફેંકી દેવાયા સ્વચ્છતા અભિયાનના નામે લાખોની જાહેરાતો કરનાર પાલિકાએ આ મુદ્દે તાત્કાલિક ખુલાસો કરવો જોઈએ અને આ વેડફાટ માટે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવા જોઈએ.

મને છુટાછેડા આપી દે તેમ કરી પતિએ પત્નિને કાઢી મુકી

# તરસાલીમાં પરિણીતાને શારિરીક માનસિક ત્રાસ આપતા સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં આવેલા મોટીનગર 2માં રહેતા રાજબીરકૌર રાણાએ લગ્ન વર્ષ 2014માં નિશ્ચય ભરતભાઈ રાણા સાથે કોર્ટ મેરેજ બાદ શાસ્ત્રોકત વિધી અનુસાર લગ્ન કર્યા હતા. લગ્નબાદ માતા પિતાએ સોનાના ઘરેણા અને સગા સબંધીએ આપેલી ભેટ સોગાદો લઈ પતિની સાથે ચંદ્રવતી સોસાયટી કારેલીબાગ ખાતે સાસરીમાં સંયુક્ત પરિવારમા રહેવા આવી હતી. પાંચ મહીના પતિ સાથે સારી રીતે રહ્યાં બાદ નણંદ ફેયુરી મિસ્ત્રીના મોબાઈલ ફોનમાં પતિએ અન્ય સ્ત્રી સાથે સોશીયલ મિડીયા દ્વારા મેસેજો કર્યા હોય જે જોતા તેમને પતિને અન્ય સ્ત્રી સાથે સંબધ છે તેવી જાણ થઈ હતી પરંતુ ત્યારે પરિણીતાને સાતમો મહીનો ચાલતો હોય પતિ સાથે અન્ય સ્ત્રી સાથેના સંબધ બાબતે કોઈ વાત કરી નથી અને તેઓ સમજી જશે પરંતુ તેઓમાં કોઈ સુધારાઓ આવ્યા ન હતા. તેમના પતિને એક્ટર બનવુ હોય તેઓને દરેક રીતે સાથે સહકાર આપતી હતી અને પિતાએ 2013મા એલઆઈસીના બે લાખ રૂપિયાનો ચેક પતિના જોઈન્ટ ખાતામા જમા કરાવ્યો હતો. તે પૈસા પતિએ તેમની જાણ બહાર ઉપાડી લીધા હતા. જેથી પતિ અને પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને આ વાત તેમના સાસુ સસરાને થઈ હતી ત્યારે સસરાએ તું ઘરની વહુ છે તો એમા તને શું પુછવાનું તેમ કહી તેમના પતિનો સાથે આપ્યો હતો. વર્ષ 2015માં મહિલાને દિકરીનો જન્મ થયો હતો. સાસરીયાઓએ કોઈ સારવાર કરાવી ન હતી પતિ પણ તુ અપશુકનીયાળ છે તુ છૂટા છેડા આપી દઈશ મારે તને રાખવી નથી. મારે બીજા લગ્ન કરવા છે તુ તારા માતા પિતાના ઘરે જતી રહે તેમ કહી ઘરમાથી બહાર કાઢી મૂકી હતી. જેથી પોલીસે પતિ નિશ્ચય ભરત રાણા, સસરા ભરત રમણવાલ રામા સાસુ ભારતીબેન ભરત રાણા નણંદ કેયુરી મિસ્ત્રી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરાઈ છે.

ચૂંટણીમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો

# વડોદરા વકીલ મંડળની ચૂંટણીને લઈ ઉત્સાહ, 19 ડિસેમ્બરે 4525 મતદારો કરશે મતદાન

37 ઉમેદવારોએ પોતાના ફોર્મ સંપૂર્ણપણે ભરી ચૂંટણી લડવા ઉમેદવારી નોંધાવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા વકીલ મંડળની 19 ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીને લઈ ઉમેદવારો તથા મતદારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. બાર એસોસિએશનના પ્રમુખ, ઉપપ્રમુખ અને સેક્રેટરી સહિતના વિવિધ પદો માટે કુલ 37 ઉમેદવારોએ પોતાના ફોર્મ સંપૂર્ણપણે ભરી ચૂંટણી લડવા ઉમેદવારી નોંધાવી છે.

આધુનિક ટેક્નોલોજી સાથે યોજાનારી આ ચૂંટણીમાં પ્રથમ વખત 4525 મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવાના છે. ચૂંટણીને હવે માત્ર બે દિવસ બાકી રહેતા કોર્ટ સંકુલમાં વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આ ચૂંટણી નવા એડવોકેટ હાઉસમાં યોજાનારી હોવાથી મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. કોર્ટ સંકુલના પરિસરમાં ચૂંટણી માટે તંબુઓ બાંધવામાં આવ્યા છે તેમજ ટેબલ અને અન્ય સુવિધાઓ પણ ગોઠવી દેવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા મતદાન માટેની તમામ માળખાકીય સુવિધાઓને અંતિમ મંજૂરી આપવામાં આવી રહી છે. એડવોકેટ હિતેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે આ વખતની વડોદરા વકીલ મંડળની ચૂંટણીમાં 4525 મતદારો નોંધાયેલા હોવાથી આ ચૂંટણી ઐતિહાસિક બનવાની છે. તેમણે ઉમેર્યું હતું કે આ ચૂંટણીમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સિનિયર એડવોકેટો માટે ખાસ સુવિધાઓ કરવામાં આવી છે.

ટ્રેનોના સુગમ સંચાલન અને સેવાઓની વધુ વિશ્વસનીયતા

# આણંદ-ગોધરા સેક્શન પર સ્પીડ વૃદ્ધિ 110 કિમી પ્રતિ કલાકની કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા ડિવિઝન દ્વારા આણંદ-ગોધરા સેક્શન પર ટ્રેનોની મહત્તમ માન્ય ગતિ સફળતાપૂર્વક વધારીને 110 કિમી પ્રતિ કલાક કરવામાં આવી છે. આનાથી રેલ વિભાગની ક્ષમતા વધશે અને સમય બચશે, જેનાથી મુસાફરોની મુસાફરી વધુ આરામદાયક બનશે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આણંદ-ગોધરા સેક્શનની કુલ લંબાઈ 78 કિલોમીટર છે. જ્યારે આ સેક્શન પર મુસાફરોની અવરજવર શરૂ થઈ, ત્યારે અપ લાઈન પર ગતિ મર્યાદા લાદવામાં આવી. ગતિ અપગ્રેડ પ્રાપ્ત કરવા માટે, સેક્શનમાં બેલાસ્ટ પ્રોફાઈલમાં વ્યવસ્થિત સુધારા કરવામાં આવ્યા અને કેટલાક પુલોને મજબૂત બનાવવામાં આવ્યા. આ પહેલ વડોદરા ડિવિઝનની આધુનિક જાળવણી પદ્ધતિઓ અપનાવવા અને સુધારેલી કાર્યકારી કાર્યક્ષમતા માટે માળખાગત અપગ્રેડનો લાભ લેવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે. સ્પીડ અપગ્રેડથી આ મહત્વપૂર્ણ રેલ કોરિડોર પર મુસાફરોને મુસાફરીનો સમય ઓછો થશે, ટ્રેનોના સુગમ સંચાલન અને સેવાઓની વધુ વિશ્વસનીયતાનો લાભ પણ મળી રહેશે.

વડોદરા ડિવિઝન મુસાફરોને ઝડપી, સલામત અને વધુ આરામદાયક રેલ સેવાઓ પૂરી પાડવા માટે માળખાગત આધુનિકીકરણ અને સલામતી-લક્ષી કાર્ય ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે.

31 ડિસેમ્બર નજીક આવતા ગોરખધંધાવાળા નસેડીઓને સવલત પુરી પાડવાની ફિરાકમાં

# આજવા રોડ પરથી રૂ.10.42 લાખનો ઈ-સિગારેટનો પ્રતિબંધિત જથ્થો ઝડપાયો

**SOGની** મોટી કાર્યવાહી, એકની ધરપકડ - સપ્લાયર વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરમાં પ્રતિબંધિત ઈ-સિગારેટના ગેરકાયદે વેચાણ સામે SOGએ ફરી એક વખત કડક કાર્યવાહી હાથ ધરી છે. આજવા રોડ સરદાર એસ્ટેટ પાસે આવેલી જેની રેસીડન્સીના રહેણાંક મકાનમાં રેડ કરી SOG પોલીસે રૂ.10.42 લાખનો પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. પેટ્રોલીંગ દરમિયાન SOGને બાતમી મળી હતી કે સરદાર એસ્ટેટ પાસે જેની રેસીડન્સીમાં રહેતો સેફાન ઉર્ફે બાબા ઈકબાલભાઈ મેમણ તેના રહેણાંક મકાનમાં પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો રાખી ગ્રાહકોને છૂટકમાં વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે 15 ડિસેમ્બરે SOGની ટીમે મકાનમાં રેડ કરી હતી. SOG પોલીસે આરોપી પાસેથી પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો : રૂ.10.42 લાખ, મોબાઈલ ફોન : રૂ.35 હજાર, આમ કુલ રૂ.10.77 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઈ-સિગારેટનો માલ સપ્લાય કરનાર ઈબ્રાહિમ હનીફ બીલ્લાવાળા (રહે. દુધવાળા મહોલ્લો, પાણીગેટ, વડોદરા)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

### પરમીટ-બિલ ન હોવાનું ખુલ્યું

દરવાજો ખખડાવતા આરોપી સેફાન ઉર્ફે બાબા મેમણે દરવાજો ખોલ્યો હતો. ત્યારબાદ તેની હાજરીમાં મકાનની તપાસ કરતા જુદી જુદી કંપનીઓની બનાવટની ઈ-સિગારેટોના બોક્સ મળી આવ્યા હતા. તપાસ દરમિયાન આ તમામ ઈ-સિગારેટ પ્રતિબંધિત હોવાનું સામે આવ્યું હતું. પોલીસે વેચાણ માટેના પરમીટ કે બિલ માંગતા આરોપી પાસે કોઈ દસ્તાવેજ ન હોવાનું ખુલ્યું હતું.

જુનિયર ફાર્માસિસ્ટ સહિતની 395 જગ્યાઓ પર ભરતી થશે

# ગૌણ સેવા પસંદગી મંડળની સરકારી નોકરી ઈચ્છુક ઉમેદવારો માટે ભરતીની જાહેરાત

30 ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે, ઉમેદવારોએ નિર્ધારિત સમય મર્યાદામાં મંડળની સત્તાવાર વેબસાઇટ મારફતે ફોર્મ ભરવા સૂચના

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે સરકારી નોકરી ઈચ્છુક ઉમેદવારો માટે એક મોટી ભરતીની જાહેરાત કરી છે. કુલ 395 જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરાશે.જૂનિયર ફાર્માસિસ્ટની 209 , ગ્રંથાલય કારકુનની 86 જગ્યા પર અને મદદનીશ ગ્રંથાલયની 100 જગ્યાઓ પર ભરતી કરાશે. ઉમેદવારો આગામી 30 ડિસેમ્બર સુધી અરજી કરી શકશે. ઉમેદવારોએ નિર્ધારિત સમય મર્યાદામાં મંડળની સત્તાવાર વેબસાઈટ મારફતે ફોર્મ ભરવાનું રહેશે.

જુનિયર ફાર્માસીસ્ટની 209 જગ્યાઓ, ગ્રંથાલય કારકુનની 86, મદદનીશ ગ્રંથાલયની 100 જગ્યા પર ભરતી કરાશે. ઉમેદવારો 30 ડિસેમ્બર સુધી અરજી કરી શકાશે. રાજ્યના વિવિધ વિભાગોમાં કુલ 395 જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી છે. કુલ 395 પદો માટેની ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે. ઉમેદવારોએ નિર્ધારિત સમય મર્યાદામાં મંડળની સત્તાવાર વેબસાઈટ મારફતે ફોર્મ ભરવાનું રહેશે. આ સિવાય જો તમે ભારતીય સેનામાં જોડાવા અને નોકરી પર શીખવા માંગતા હોવ તો હવે તમારા માટે એક શ્રેષ્ઠ તક છે. ભારતીય સેનાએ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ માટે નોંધણીઓ ખોલી છે.

પોલીસ સહિત પોલીસની વિવિધ ટીમો અને ડોગ સ્ક્વોડ ઘટના સ્થળે પહોંચી

# નવાપુરામાં મંદિરના ખોદકામ દરમિયાન બોમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ મળતાં હડકંપ

**બોમ્બ** સ્ક્વોડની તપાસમાં હેન્ડ ગેસ ગ્રેનેડનું ખાલી ખોખું હોવાનું ખુલ્યું



### 30 થી 35 વર્ષ જૂનું ખાલી ખોખું હોવાની શક્યતા

પ્રાથમિક તપાસ મુજબ આ ખાલી ખોખું અંદાજે 30 થી 35 વર્ષ જૂનું હોવાનું માનવામાં આવે છે. સંભાવના છે કે વર્ષો પહેલાં આ વિસ્તારમાં રાયોટીંગના બનાવ દરમિયાન પોલીસ દ્વારા હેન્ડ ગેસ ગ્રેનેડનો ઉપયોગ કરવામાં આવ્યો હોય અને તેનો ખાલી ખોખું જમીનમાં દટાઈ ગયો હોય. હાલ આ ખોખું બહાર કાઢીને વધુ કાર્યવાહી માટે નવાપુરા પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યું છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા મહેબૂબપુરામાં ભાથુજી મહારાજના મંદિરનું નવ નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. મંગળવારના રોજ મંદિરના પાયાના ખોદકામ દરમિયાન કારીગરોને અચાનક બોમ્બ જેવી શંકાસ્પદ વસ્તુ મળી આવતા કામ તાત્કાલિક બંધ કરવામાં આવ્યું હતું. ઘટનાની જાણ મંદિરના સંચાલકો તથા સ્થાનિક લોકોને કરવામાં આવતા વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો.

લોકોમાં ભય, પોલીસ અને ડોગ સ્ક્વોડ ઘટના સ્થળે દોડી આવ્યા

શંકાસ્પદ વસ્તુ અંગે વાત વાયુવેગે ફેલાતા મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોએ તરત જ પોલીસને જાણ કરતાં નવાપુરા પોલીસ સહિત પોલીસની વિવિધ ટીમો અને ડોગ સ્ક્વોડ ઘટના સ્થળે પહોંચી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્ક્વોડને પણ તાત્કાલિક બોલાવવામાં આવી હતી. બોમ્બ સ્ક્વોડ દ્વારા શંકાસ્પદ વસ્તુની તપાસ કરતાં તે હેન્ડ ગેસ ગ્રેનેડનું ખાલી ખોખું હોવાનું બહાર આવ્યું હતું. વર્ષો જૂનું અને સંપૂર્ણપણે નિષ્ક્રિય હોવાથી કોઈ ખતરો નથી તેમ બોમ્બ સ્ક્વોડે જણાવતાં પોલીસ અને સ્થાનિક લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

ગોરવા પંચવટીના રહીશોને રાહત

# સોસાયટીના પ્રવેશદ્વાર પરનો 8 ફૂટનો ગેરકાયદે શેડ તોડી પડાયો

આવજાવમાં મુશ્કેલી થતા સ્થાનિકોની ફરિયાદ બાદ VMCની આક્રમક કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16


વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોરવા પંચવટી વિસ્તારની ગાયત્રી પાર્ક સોસાયટીના પ્રવેશ માર્ગ પર આવેલા એક મકાન માલિકે આશરે 8 ફૂટ જેટલો મોટો ગેરકાયદે શેડ રોડ પર આગળ વધારીને બનાવી દીધો હતો. આ ગેરકાયદે બાંધકામને કારણે સોસાયટીમાં પ્રવેશ કરતા અને બહાર નીકળતા લોકોને, ખાસ કરીને વાહનચાલકો અને રાહદારીઓને, આવજાવમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. સ્થાનિક રહીશો દ્વારા આ ગેરકાયદે દબાણ અંગે વારંવાર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના દબાણ શાખા સમક્ષ ફરિયાદો કરવામાં આવી હતી. આ ફરિયાદોને ધ્યાનમાં રાખીને, અને ટીડીઓના કાર્યક્રમ અનુસંધાને, પાલિકાની દબાણ શાખાની ટીમે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી હતી. પાલિકાની દબાણ શાખાની ટીમે ઘટનાસ્થળે પહોંચીને મકાન માલિક દ્વારા બનાવાયેલા આ ગેરકાયદેસર શેડને તોડી પાડ્યો હતો અને રોડ-રસ્તો સંપૂર્ણપણે ખુલ્લો કરી નાખ્યો હતો.

આ કાર્યવાહીને કારણે સોસાયટીના પ્રવેશ માર્ગ પરની વ્યવસ્થા પુનઃસ્થાપિત થઈ છે. સ્થાનિક રહીશો કે જેઓ લાંબા સમયથી અવરજવરની સમસ્યાથી પીડાઈ રહ્યા હતા, તેઓમાં ખુશીની લાગણી વ્યાપી છે.

લોહી લુહાણ હાલતમાં યુવક જીવ બચાવવા ઘર તરફ ભાગ્યો

# પત્નીને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલનાર યુવકને પતિ સહિતની ત્રિપુટીએ માર્યા બાદ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો

**ગોરવા** વિસ્તારમાં રહેતા યુવકે હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી અશોક વાટિકા સોસાયટીમાં રહેતા ધ્રુવેશભાઈ રાજેન્દ્રભાઈ પંચાલે ફરિયાદ નોંધાવી હતી કે હું આઈટીએમ એસએલએસ જરોદ ખાતે અભ્યાસ કરુ છું. આશરે ચાર મહિના પહેલા મારી સાથે અભ્યાસ કરતી યુવતીને સોશિયલ મીડિયા એકાઉન્ટ પર મેં ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. તેઓએ મારી રિક્વેસ્ટને સ્વીકારી હતી ત્યારબાદ મને મેસેજ તું મને મેસેજ કેમ કરે છે અને હવેથી મેસેજ કરતો નહી તેવું મેસેજમાં જણાવ્યુ હતું. આ મેસેજની વાત યુવતીએ તેના પતિ પ્રતિક રબારીને કરી દીધી હતી. ત્યારે પ્રતીક રબારીએ પોતાની સોશિયલ મિડિયા આઈડી પરથી મેસેજ કરી મારા મોબાઈલ નંબરની માગણી કરી હતી.

ત્યારે મેં આ મારો મોબાઈલ નંબર આપ્યો ન હતો અને મેં જે તે સમયે યુવતી અને તેના પતિની આઈડી બ્લોક કરી દીધી હતી.

પરંતુ ગત 24 ડિસેમ્બરના આશરે 6.30 વાગ્યાની આસપાસ યુવતીના પતિએ મને ફોન કરીને મારે તેને મળવું છે, તું ક્યાં મળીશ ત્યારે મે તેને હું અત્યારે લગ્ન પ્રસંગમાં છું. આવતીકાલે મળીશ અને ગઈ 15 ડિસેમ્બરના રોજ બપોરના 3 વાગ્યાની આસપાસ યુવતીના પતિએ મારા મોબાઈલ પર મેસેજ કરી તારે મળવું પડશે નહીં તો આવતીકાલે કોલેજમાં આવીને તને માર મારીશ. ત્યારે મેં 15 ડિસેમ્બરના યુવતીના પતિને ફોન કરી અને મારે ક્યાં મળવા આવવાનું છે તેમ પૂછતા તેણે ગોરવાના દશામા ચાર રસ્તા ખાતે ઉભો છું અને પછી હું મારા મિત્ર વૈભવ શિવમ અને નીતિનની સાથે માનવ હોસ્પિટલ પાસે જઈ ઉભા હતા. દરમિયાન ત્રણ જણાએ ભેગા મળીને મને માર માર્યો હતી. ત્યારબાદ યુવતીના પતિએ તેના હાથમાં ધારદાર વસ્તુથી હુમલો કર્યો હતો. જેથી હું લોહી લુહાણ થઈ જતા હું તેઓના વધુ મારથી બચવા માટે મારા ઘર તરફ ભાગ્યો હતો હુમલાખોરો મારી પાછળ ભાગ્યા હતાં પરંતુ હું મારા ઘરે પહોંચી જતા જતા રહ્યા હતાં. ગોરવા પોલીસે હુમલો કરનાર ત્રણ વિરુદ્ધ ગુનો નોધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

# નાતાલ-31 ડિસેમ્બરને લઈ હોટલ સંચાલકો સાથે પોલીસની બેઠક

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

આગામી નાતાલ અને 31મી ડિસેમ્બરની ઉજવણીને લઈને વડોદરા શહેર પોલીસ હરકતમાં આવી છે. હોટલના સંચાલકો અને માલિકોને બોલાવી સીસીટીવી કેમેરા, આવતા ગ્રાહકોના આઈડી પ્રુફ લેવા સહિતની તકેદારી રાખવા માટે સૂચના આપવામાં આવી હતી. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા એડિશનલ પોલીસ કમિશ્નર લીના પાટીલના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર ડો.જે.એમ.ચાવડા ઝોન 1ની અધ્યક્ષતામાં આગામી નાતાલ તહેવાર તથા થર્ટી ફસ્ટ તહેવાર ઉજવણી અનુસંધાને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સયાજીગંજ પોલીસ સ્ટેશન હદમાં આવેલી હોટલો ધરાવતા માલિકો, સંચાલકો સાથે પોલીસ સંવાદ કરવામાં આવ્યો હતો. પોલીસના આ સીધા સંવાદમાં હોટલમાં આવતા કસ્ટમર પાસેથી તેમના આઈડી પ્રૂફ લેવા તેમજ પથિક સોફ્ટવેરમાં ફરજિયાત ઓનલાઈન એન્ટ્રી કરવા તેમજ હોટેલમાં એન્ટ્રી તથા એક્ઝિટના સીસીટીવી કેમેરા ચાલુ હાલતમાં રાખવા સહિત અન્ય તકેદારીઓ પર ભાર મૂક્યો હતો.

ચાર ઠગોએ કંડારીના યુવક પાસેથી લોભ લાલચ આપી રૂપિયા ખંખેર્યા

# રશિયાના વર્ક પરમીટ વિઝા બનાવી આપવાનું કહીને રૂ.3 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

કરજણ તાલુકાના કંડારી ગામે રહેતા જીગ્નેશકુમાર સુંદરલાલ ડાભી (ઉ.વ.42.)એ રશીયા ખાતે નોકરી પર જવાનુ નક્કી કર્યું હતું. જેથી યુવકે તેમના સબંધી વિનોદભાઈ મણીલાલ વણકરને વાત કરી હતી. જેથી આ વિનોદ વણકરે ગોરવા રિફાઈનરી રોડ પર આવેલી લક્ષ્મીકુંજ સોસાયટીમાં ઓફિસ ધરાવતા નીતીનભાઈ માનસિંહ પરમારનો સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ નીતીનભાઈ માનસિંહ પરમાર ને 9 જૂનના રોજ યુવક મળવા માટે ગયો હતો અને રશીયા ખાતેના વર્ક પરમીટ બાબતે વાત કરી હતી. જેથી નીતીનભાઈ પરમારે નક્ષ વર્લ્ડ પ્રાઈવેટ લીમીટેડની અમદાવાદ ખાતે ગયા હતા. ત્યારે એજંસી ના માલીક ભાવેશ મોહન મકવાણા તથા હિનેશ જશવંતસિંહ સોલંકીએ રશિયા ખાતેના વર્ક પરમીટ અંગેનો ખર્ચ રૂ.3 લાખ થશે. ત્યા ગયા બાદ તમને નોકરી પર લગાવી દઈશું તેનો પગાર રૂ.70 હજાર થી રૂ.1 લાખ મળશે તેમ જણાવ્યુ હતું. જેથી યુવકને એજન્ટ પર વિશ્વાસ બેસતા રશીયા ખાતેના વર્ક પરમીટ અંગેની કાર્યવાહી કરવા માટે જરૂરી ડોક્યુમેન્ટ તથા પાસપોર્ટ આપ્યા હતા. ત્યારબાદ નીતીનભાઈ પરમારે યુવકને દસ દિવસમાં વિઝા થઈ જશે અને અઠવાડીયા બાદ આ નીતીનભાઈ પરમાર તથા વિનોદભાઈ વણકરે વિઝા અંગેનો લેટર તેમને વોટસેપ પર મોકલી આપ્યો હતો અને જણાવ્યું હતું કે વિઝા આવી ગયા છે.

જેમાં યુવક અમદાવાદથી દિલ્હી તથા દીલ્હીથી મોસ્કોની ટીકીટ આપી હતી અને હિતેશ સોલંકીએ ફોન કરી તમે ત્યા પહોંચી જાવ તો અમને ફોન કરીને જણાવશો તો તમારૂ હોટલનું બુકીંગ કરાવી આપીશ. જેથી યુવકે ત્યા પહોંચતા હિતેશભાઈ ને ફોન કરતા તેઓએ હોટલ મુકીંગ કરાવી આપેલ નહી. ત્યારબાદ હિતેશભાઈ મકવાણાને વાત કરતા તેઓએ ત્યા તેમના એજન્ટ અરૂણ વર્મા સાથે સંપર્ક કરાવ્યો હતો. ત્યારબાદ યુવકે ચેક કરાવતા નીતીન પરમાર તથા હિનેશ મકવાણા વર્ક પરમીટ ના બદલે વિઝીટર વિઝા કરી આપ્યા હતાં. જેના કારણે તેમને ત્યા કોઈ નોકરી તેમજ રહેવા રહેવાં સુવિધા કરીને આપી ન હતી. વિઝીટર વિઝા પુર્ણ થતા યુવકે રશિયા ખાતેથી પરત ભારત આવી નીતીન પરમાર, હિતેશ મકવાણા તથા વિનોદ વણકર પાસે નાણાની માંગણી કરી હતી. પરંતુ તેઓ ગલ્લા તલ્લા કરવા સાથે કોઈ રૂપિયા પરત નહીં આપી છેતરપીંડી આચરી હતી. જેથી યુવાને ગોરવા પોલીસ સ્ટેશનમાં એજન્ટ સહિતના ચાર આરોપી વિરુધ્ધ થવગઈની ફરિયાદ નોંધાવી છે.